અંધારું અંતર ઓરડીએ, પળ પળ માંહી પાયે પડીએ, અંતરની જ્યોતિ પ્રગટાવો, જીવન અમ ઉજ્જવળ કરીએ...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૮૮ | ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૦, ગુરુવાર; ભાદરવા વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

**નવા કેસ**

| | |
|---|---|
| રાજ્ય | ૧૩૬૪ |
| અમદાવાદ | ૧૬૫ |
| ગાંધીનગર | ૪૧ |

# ચીની મિડિયા દ્વારા યુદ્ધની ધમકી

## ચીની સેના ભારતીય ટેંકોનો ખાત્મો કરવાનો અભ્યાસ કરી રહી છે

બેઈજિંગ,તા.૧૬

પૂર્વ લદ્દાખમાં ચાલી રહેલાં તણાવ વચ્ચે ચીનના નેતા એકબાજુ શાંતિની વાતો કરી રહ્યા છે, તો તેનું સરકારી મીડિયા ગ્લોબલ ટાઈમ્સ યુદ્ધની ધમકીઓ આપી રહ્યું છે. ચીનના સરકારી અખબાર ગ્લોબલ ટાઈમ્સના એડિટરે કહ્યું કે, ચીની સેના ભારતીય ટેંકોનો ખાત્મો કરવાનો અભ્યાસ કરી રહી છે. તેઓએ ધમકી આપી કે, જો ભારતે મોસ્કોમાં વિદેશ મંત્રીઓની વચ્ચે થયેલી બેઠકમાં પાંચ પોઈન્ટ સહમતિને લાગુ નહીં કરે તો ચીની સેના ભારતને જડબાતોડ જવાબ આપવા માટે તૈયાર રહે.

રક્ષામંત્રી રાજનાથ સિંહે સંસદમાં આપેલાં નિવેદન બાદ ચીનને મરચા લાગ્યા છે. ગ્લોબલ ટાઈમ્સના એડિટર શિઝિને દાવો કર્યો કે ચીની સેનાના દબાણને કારણે ભારતીય સેનાએ વલણમાં નરમાશ દેખાડી છે. તેઓએ કહ્યું કે,ઁન્છ પેંગોંગ લેકની પાસે ભારત-ચીન સીમા પર નિર્ણાયક કાર્યવાહી માટે પોતાની તહેનાતી વધારી રહ્યું છે. તેઓએ કહ્યું કે, ચીન સીમા વિવાદ શાંતિથી ઉકેલવા માટે

● અનુસંધાન પાન-૭ પર

## લદાખમાં શિયાળામાં મોરચો સંભાળવાની સેનાની તૈયારી

**હવે ચીનનું ટેન્શન વધી ગયું : લદાખ સરહદે ચીન સાથેના તણાવને જોતા ભારતીય સેના કોઈ ચાન્સ લેવા માગતી નથી તેથી સુરક્ષા વધારી દેવાઈ**



નવી દિલ્હી,તા.૧૬

પૂર્વ લદાખમાં એલએસીમાં ચીનની સાથે વધતા તણાવની વચ્ચે ભારતીય સેનાએ પોતાની તૈયારી મજબૂત કરી લીધી છે. ભારતીય સેના આખો શિયાળો એલએસી પર તૈનાત રહેવા તૈયાર છે. તેના માટે સેનાએ ગરમ કપડાં, રાશન, ટેન્ટ અને હીટર સહિતની વ્યવસ્થા કરી લીધી છે. તે ઉપરાંત પણ સેનાએ અન્ય સામાનનો સ્ટોક પૂરો કરી લીધો છે. ફોરવર્ડ પોસ્ટો સુધી બધો સામાન પહોંચાડી દેવાયો છે. આર્મીના એક સીનિયર અધિકારીએ કહ્યું કે, એલએસી પર ડિપ્લોયમેન્ટ લાંબો ચાલે એ અમે નથી ઈચ્છતા, પરંતુ જો એવી સ્થિતિ ઊભી થઈ તો અમે તેના માટે સંપૂર્ણ રીતે તૈયાર છીએ. તેમણે કહ્યું કે, ચીનને જો પ્રોટોકોલનું પાલન કરવું છે તો પુરેપુરું કરે અને દરેક જગ્યાએ

● અનુસંધાન પાન-૭ પર

## રશિયા ભારતને ૧૦ કરોડ કોરોના વેક્સિન સપ્લાય કરશે

**ભારતમાં રશિયાની કોરોના વેક્સીન નવેમ્બર સુધીમાં ઉપલબ્ધ થશે : સ્પુટનિક વી વેક્સીનનું ભારતમાં ત્રીજા તબક્કાનું ક્લિનિકલ ટ્રાયલ તેમજ વિતરણ કરવા કરાર**


ન્યુ દિલ્હી/મોસ્કો,તા.૧૬

ધી રશિયન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ ફંડ (ઈઙ્ઢૈંહ્લ)એ ભારતમાં ડ્રગ જાયન્ટ ડો. રેડ્ડીસ લેબોરેટરિઝ સાથે મહત્વનું જોડાણ કર્યુ છે. રશિયાએ વિકસાવેલી કોરોનાની વેક્સીન સ્પુટનિક ફનું ડો. રેડ્ડી ભારતમાં ક્લિનિકલ ટ્રાયલ શરૂ કરશે તેમજ વેક્સીનનું વિતરણ પણ કરશે તેમ આરડીઆઈએફના મુખ્ય કાર્યકારી અધિકારી કિરિલ દિમિત્રિવે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભારતમાં ક્લિનિકલ ટ્રાયલના નિયમોને અનુસરવા અંગે તે દવા નિયામક સાથે વાતચીત કરી રહ્યા છે.

ભારતની ફાર્મા ક્ષેત્રની અગ્રણી કંપની ડો. રેડ્ડીસ લેબ અને આરડીઆઈએફ વચ્ચે સ્પુટનિક વી વેક્સીના ૧૦ કરોડ ડોઝનો પુરવઠો પુરો પાડવા સહમતિ સધાઈ છે. આ દવાનું ભારતીય બજારમાં ક્લિનિકલ ટ્રાયલ કરાશે તેમજ તેનું વિતરણ પણ કરવામાં આવશે. રશિયાના ગેમેલિયા નેશનલ રિસર્ચ સેન્ટર ઓફ એપીડેમીઓલોજી અને માઈક્રોબાયોલોજી તેમજ

● અનુસંધાન પાન-૭ પર

**શતમ્ જીવેત્ શરદઃ**



ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના સર્વાધિક લોકપ્રિય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ૭૧મી વર્ષગાંઠે અઢળક શુભકામનાઓ સાથે તેમના સ્વપ્ન મુજબનું ભારત બનાવવાની શક્તિ સતત પ્રગટતી રહે અને પ્રસરતી રહે એવી પરમ તત્વને પ્રાર્થના...

## કેન્દ્રની નવી કૃષિ નીતિ સામે ખેડૂતોનો દિલ્હીમાં વિરોધ

**પંજાબ, હરિયાણા સહિત દેશભરમાંથી કિસાનો ઉમટ્યા**
**ચોમાસુ સત્રમાં ત્રણે ખરડા મંજૂરીની સરકારની ઇચ્છા**

નવી દિલ્હી, તા.૧૬


કેન્દ્ર સરકારની નવી કૃષિ નીતિ સામે હરિયાણા અને પંજાબ સહિત દેશભરના ખેડૂતો રાજધાની નવી દિલ્હીમાં બુધવારે હજારોની સંખ્યામાં ઊતરી પડ્યા હતા. તાજેતરમાં કેન્દ્ર સરકારે બહાર પાડેલા ત્રણ આદેશના વિરોધમાં આ ખેડૂતોએ સંસદ ભવન સામે દેખાવો કરવાની જાહેરાત કરી હતી. ભારતીય કિસાન યુનિયનના નેતા ગુરનામ સિંઘના કહેવા મુજબ માત્ર હરિયાણા અને પંજાબ જ નહીં, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનના ખેડૂતો પણ આ ત્રણ ખરડાનો વિરોધ કરવા એકત્રિત થયા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## રાજસ્થાનમાં ચંબલ નદીમાં હોડી પલટી જતાં ૧૪ના મોત

રાજસ્થાનના બુંદીમાં ચંબલ નદીને પાર કરતી વખતે એક હોડી પલટી ગઈ હતી. બોટમાં સવાર ૩૦ લોકો ડૂબી ગયા હતા, જોકે તેમાંથી ૧૬ લોકોને નદીમાંથી સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા હતા. આ સિવાય બાકીના ૧૪ લોકોનાં મોત થયા છે અને ગુમ લોકોની શોધખોળ ચાલી રહી હોવાના અહેવાલ છે. ઘટના દરમિયાન ૩૦ લોકો બોટમાં સવાર હતા.

**‘ધરા અવતરણ દિન’ નિમિત્તે હાર્દિક શુભેચ્છાઓ...**



**શ્રી મહેશભાઈ પી. ઉપાધ્યાય**
ચેરમેનશ્રી, શામળાજી વિષ્ણુ મંદિર

આપશ્રીના શુભ ‘ધરા અવતરણ દિન’ નિમિત્તે અનંદ કોટિ શુભેચ્છા સહ અભિનંદન... સપ્તરંગી દિપકથી આપનું જીવન સદા પ્રજ્વલિત રહે અને ખુશીઓની ધારા આપને સતત ભીંજવતી રહે એ જ ભગવાન શામળિયાને પ્રાર્થના સાથે જ આપશ્રી ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક ક્ષેત્રે ખૂબ ખૂબ પ્રગતિ કરો તેવી હાર્દિક શુભકામનાઓ... પરમ કૃપાળુ પરમાત્મા આપને સ્વસ્થ જીવન તથા દીર્ઘાયુ અર્પે એ જ પ્રાર્થના...

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા



₹25*/500mL

અમૂલ શક્તિ

Amul The Taste of India

*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદ અને સૌરાષ્ટ્રઃ 079 - 23969055/56/57

**છેલ્લે... છેલ્લે...**

- ફરી લોકડાઉનની કોઈ વિચારણા નથી એમ નાયબ મુખ્યમંત્રી નિતીન પટેલે જણાવ્યું હતું.
- અમદાવાદમાં ચાની કીટલીઓ બંધ કરાવવાની કાર્યવાહી આરંભાઈ
- ગુજરાત હાઈકોર્ટે સોશ્યલ ડીસ્ટન્સીંગનું કડકાઈથી પાલન કરવા રાજ્ય સરકારને સુચના
- સાંસદ અભય ભારદ્વાજ સતત બીજા દિવસે પણ નાજુક સ્થિતિમા
- મહારાષ્ટ્રમાં ૨૪ કલાકમાં વિક્રમજનક ૫૧૫ નાગરિકોના મૃત્યુ
- જાપાનના પ્રધાનમંત્રી પદે યોશીહીદે સુગાની વરણી
- મોદી મંત્રીમંડળ અને ભાજપની કારોબારીની નવી રચના વિલંબમાં.
- સંજય દત્ત અચાનક મુંબઈથી દુબઈ માટે રવાના થઈ ગયો
- ૩૦થી વધુ દેશી વેક્સિન તાજેતરમાં તૈયારી માટેના જુદા-જુદા તબક્કામાં
- એર ઈન્ડિયાને કોઈ ખરીદનાર નહિ મળે તો સરકાર તાળું મારી દેશે..!
- માઈક્રોસોફ્ટના સહસંસ્થાપક બિલ ગેટ્સના પિતાનું નિધન
- નેપાળમાં ભૂકંપના આંચકાઃ બિહારમાં પણ ભૂકંપના આંચકા.

સંસ્કૃતિના સંરક્ષક, વિશ્વના શ્રદ્ધેય રાજપુરુષ
ગુજરાતના ગૌરવવંતા પનોતા પુત્ર
**શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબને**
૭૦'મા જન્મદિન નિમિત્તેની
**હાર્દિક શુભકામનાઓ**



શુભેચ્છક : **શ્રી પંકજભાઈ દેસાઈ**
મુખ્ય દંડકશ્રી, ગુજરાત વિધાનસભા
ધારાસભ્ય, નડિયાદ

**જન્મ દિનની હાર્દિક શુભકામનાઓ**



દેશ અને દુનિયામાં આગવી ઓળખ અને સિધ્ધી મેળવનાર
આપણા લોકલાડીલા વડાપ્રધાન માનનીય
**નરેન્દ્રભાઇ મોદીને**
જન્મ દિનની હાર્દિક શુભેચ્છાઓ...

બી.પી.એલ/એસ.ઈ.સી.સી. મહિલાઓને જોઈન્ટ લાયેબિલીટી અર્નિંગ એન્ડ સેર્વિંગ ગ્રુપ (જે.એલ.ઈ.એસ.જી.) માં સાંકળી લઇ જોડાયેલ મહીલાઓ આત્મનિર્ભર થાય તેવા શુભ આશય સાથે રાજય સરકાર દ્વારા મુખ્ય મંત્રી મહિલા ઉત્કર્ષ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જે અંતર્ગત ખેડા જીલ્લામાં નીચે મુજબ લોકાર્પણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે.

**તારીખ : ૧૭/૦૯/૨૦૨૦ - સમય : બપોરે ૩.૦૦ કલાક થી ૪.૪૫ સુધી**
**સ્થળ : ઈપ્કોવાળા હોલ, નડીઆદ, તાલુકોઃ નડીઆદ, જી.ખેડા**

:: અધ્યક્ષશ્રી ::
શ્રી આઈ.કે. જાડેજા
માન. અધ્યક્ષશ્રી, ૫૦ મુદા અમલીકરણ સમિતી

:: ઉદ્ઘાટકશ્રી ::
શ્રી પંકજભાઇ દેસાઈ
માન.મુખ્ય દંડકશ્રી, ગુજરાત વિધાનસભા

:: વિશેષ ઉપસ્થિતિ ::
તમામ માન.ધારાસભ્યશ્રીઓ, ખેડા જીલ્લો

**સૌજન્ય : નડીઆદ નગરપાલિકા, નડીઆદ**

નોંધ : સદર કાર્યક્રમમાં સરકારશ્રી દ્વારા નિયત થયેલ કોવિડ-૧૯ અંગેની ગાઈડલાઇનનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.